RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 353 * Date: 14.10.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ગાંધીનગર મહા નગરપાલિકામાં ભગવો લહેરાયોઃ

૪૪માંથી ૩૮ બેઠકો કબજે, AAPનું ખાતું પણ ન ખૂલ્યું!



ગાંધીનગર સ્થાનિક ચૂંટણી પરિણામ

ગુજરાતના પાટનગર ગાંધીનગર મહાનગર પાલિકાની ૪૪ બેઠકો માટેના ચૂંટણી પરિણામો જાહેર થયા છે. ભાજપે ૩૮ બેઠકો જીતીને ફરી સત્તા હાંસલ કરી છે. કોંગ્રેસે ૫ બેઠકો મેળવી, જ્યારે ૧ બેઠક અપક્ષના ફાળે ગઈ. આમ આદમી પાર્ટીનો એક પણ બેઠક પર વિજય થયો નથી. કુલ ૫૯.૨૫% મતદાન નોંધાયું હતું. ગુજરાતના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે અને ભારતીય જનતા પાર્ટીએ ફરી પોતાનો ગઢ સાચવી રાખ્યો છે. રવિવારે યોજાયેલા મતદાન બાદ મંગળવારે સવારે ૯ વાગ્યાથી ઈવીએમ દ્વારા મતોની ગણતરી શરૂ કરવામાં આવી હતી. કુલ ૪૪ બેઠકોમાંથી ભાજપે ૩૮ બેઠકો પર ભવ્ય વિજય મેળવીને સત્તા પર વાપસી કરી છે. આ ચૂંટણી પરિણામોએ ફરી સત્તા ભાજપના હાથમાં સોંપી દીધી છે. જોકે, ઓક્ટોબર ૨૦૨૧ની ગત ચૂંટણીની સરખામણીએ ભાજપની બેઠકોમાં ઘટાડો નોંધાયો છે. ઓક્ટોબર ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે ૪૪માંથી ૪૧ બેઠકો જીતીને એકહથ્થુ સત્તા મેળવી હતી. આ વખતે ભાજપનો આંકડો ૩૮ બેઠકો પર પહોંચ્યો છે, એટલે કે પાર્ટીએ ૩ બેઠકો ગુમાવી છે. તેમ છતાં બહુમતીના આંકડા કરતા ઘણી વધુ બેઠકો જીતીને ભાજપે પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે.

કોંગ્રેસઃ ૨ બેઠકોથી વધીને આંકડો ૫ પર પહોંચ્યો

ગત ૨૦૨૧ની ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર ૨ બેઠકો જ જીતી શકી હતી.

આ વખતે કોંગ્રેસે પોતાની બેઠકોની સંખ્યા વધારીને ૫ કરી છે આ ઉપરાંત ૧ બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ છે.

આમ આદમી પાર્ટી શૂન્ય પર આઉટ

ઓક્ટોબર ૨૦૨૧માં ગાંધીનગર મનપામાં આમ આદમી પાર્ટીએ પોતાનું ખાતું ખોલીને ૧ બેઠક જીતી હતી.

આ વખતે આમ આદમી પાર્ટી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં નિષ્ફળ રહી છે અને એક પણ બેઠક જીતી શકી નથી.

મતદાનના આંકડા અને ચૂંટણીની સંપૂર્ણ રૂપરેખા

ગાંધીનગર મનપાના ૧૧ વોર્ડની તમામ ૪૪ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી.

ચૂંટણીના મેદાનમાં કુલ ૧૩૦ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા હતા.

SIR-જ્ઞાનેશ કુમાર વિરુદ્ધની સુપ્રીમમાં ગયેલા વિપક્ષની મુશ્કેલીઓ વધી



સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ સહિત ૧૧ વિપક્ષી નેતાઓ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં લગભગ ૧૪ ખામીઓ દર્શાવી છે. આ અરજી મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (જીંઈ)માં મોટા પાયે નામો હટાવવા અને ગેરરીતિઓના આરોપો સાથે સંબંધિત છે. રજિસ્ટ્રીએ અરજી દાખલ કરનાર વકીલ પાસેથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના આઈડી કાર્ડની સ્પષ્ટ નકલ માંગી છે. સાથે જ જણાવ્યું કે રજૂ કરાયેલા દસ્તાવેજોના કેટલાક પાના વાંચી શકાય તેવા નથી. કેટલાક પાના ગુમ છે. કોર્ટ ફી પણ ૨૨૦ રૂપિયા ઓછી જમા કરવામાં આવી છે. ૧૨ ઓક્ટોબરે દાખલ કરવામાં આવેલી અરજીમાં ભારતના ચૂંટણી પંચ, મુખ્ય ચૂંટણી કમિશનર (ઝઈઝ) જ્ઞાનેશ કુમાર અને અન્ય ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ તથા વિવેક જોશીને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. રાહુલ ગાંધી અને અન્ય ઘણા વિપક્ષી નેતાઓ સોમવારે અરજી દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટ સુધી કૂચ કરીને પહોંચ્યા હતા. અરજીમાં નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સ્વતંત્ર સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે. તેમાં તકનીકી નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત નાગરિકોને પણ સામેલ કરવાની માંગ છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે આ સમિતિ નિર્ધારિત સમયમર્યાદામાં જીંઈ દરમિયાન મતદાર યાદીમાંથી દૂર કરાયેલા નામો અને કરવામાં આવેલા ફેરફારોનું સ્વતંત્ર ઓડિટ કરે. આગળની રણનીતિ નક્કી કરવા માટે રાહુલે મંગળવારે સાંજે તમામ વિપક્ષી સાંસદોને પોતાના સુનહરી બાગ રોડ સ્થિત ઘરે ચા માટે બોલાવ્યા છે.

રાજસ્થાનમાં આંધીનું એલર્ટ, યુપીમાં ગંગા ઉફાન પરઃ ઘર ડૂબ્યાં; ઉત્તરાખંડમાં હિમવર્ષા; હિમાચલમાં આગામી 3 દિવસ વરસાદ

હવામાન વિભાગે પશ્ચિમ ઉત્તર પ્રદેશના ૧૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. કરા પડવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે. લખનઉ સતત ૧૫મા દિવસે પણ પૂરગ્રસ્ત છે. કોલોનીઓમાં ત્રણ-ત્રણ ફૂટ સુધી પાણી ભરાયેલું છે. રાજસ્થાનના ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાનું યલો એલર્ટ છે. બીજી તરફ, હિમાચલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતીકાલથી ફરી સક્રિય થઈ રહ્યું છે. તેના કારણે પ્રદેશમાં આગામી ચાર દિવસ સુધી વરસાદની શક્યતા છે. લાહૌલ-સ્પીતિ, કિન્નૌર અને ચંબાની વધુ ઊંચી શિખરો પર આ દરમિયાન હિમવર્ષા થઈ શકે છે. ઉત્તરાખંડના પિથોરાગઢમાં છિપલાકોટની ઊંચી શિખરો ઓક્ટોબરમાં જ બરફથી ઢંકાઈ ગઈ છે. લગભગ એક દાયકા બાદ ઓક્ટોબર મહિનામાં અહીં હિમવર્ષા થઈ રહી છે. સામાન્ય રીતે આ શિખરો પર ડિસેમ્બર-જાન્યુઆરીમાં હિમવર્ષા થાય છે. ઉત્તરાખંડના ૭ જિલ્લાઓમાં આજે વરસાદની શક્યતા છે. તેમાં દેહરાદૂન, ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર, નૈનિતાલ અને પિથોરાગઢનો સમાવેશ થાય છે. બિહારમાં આગામી થોડા દિવસો સુધી હવામાન સામાન્ય રહેવાની શક્યતા છે. હવામાન વિજ્ઞાન કેન્દ્ર અનુસાર, આજે એટલે કે મંગળવારે રાજ્યના કોઈપણ જિલ્લામાં હવામાનને લઈને કોઈ ચેતવણી નથી.





શિક્ષિત દીકરી, સશક્ત સમાજનો આધારઃ ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી



જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના કોબા ખાતે આવેલ કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દીકરીઓમાં તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવાનો, કાયદાકીય જોગવાઈઓની સમજ આપવાનો તેમજ શિક્ષણ, આરોગ્ય, નાણાકીય સાક્ષરતા અને સુરક્ષા અંગે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક-સંરક્ષણ અધિકારી શ્રી આર.એમ. જિંજાળા, ડૉ. નેહલબેન ગજેરા, લીડ બેંકના નાણાકીય સાક્ષરતા સહાયક શ્રી અનિલભાઈ પુરોહિત, મહિલા પોલીસ સ્ટેશનની સી-ટીમના સભ્યો, મહિલા સહાયતા કેન્દ્રના પ્રતિનિધિ નીતાબેન તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન શ્રી આર.એમ. જિંજાળા દ્વારા આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીનો હેતુ સમજાવી દીકરીઓના અધિકારો, મહિલાઓને લગતા વિવિધ કાયદાઓ તથા કાયદાકીય રક્ષણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દીકરીઓ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બને અને જરૂરિયાતના સમયે કાયદાકીય સહાય મેળવી શકે તે અંગે સમજ આપવામાં આવી હતી.

શ્રી અનિલભાઈ પુરોહિત દ્વારા દીકરીઓને નાણાકીય સાક્ષરતા અંગે માર્ગદર્શન આપતા બેંકિંગ સેવાઓનો યોગ્ય ઉપયોગ, બચતનું મહત્ત્વ, નાણાકીય વ્યવહારોમાં સાવચેતી તેમજ સુકન્યા સમૃદ્ધિ યોજના સહિતની વિવિધ નાણાકીય યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. નીતાબેન દ્વારા મહિલા સહાયતા કેન્દ્રની કામગીરી વિશે સમજ આપવામાં આવી હતી. મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને માર્ગદર્શન, સહાય અને જરૂરી સેવાઓ પૂરી પાડવામાં કેન્દ્રની ભૂમિકા વિશે માહિતી આપી મહિલાઓને ઉપલબ્ધ સહાય સેવાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. મહિલા પોલીસ સ્ટેશનની સી-ટીમના સભ્યો દ્વારા મહિલાઓની સુરક્ષા માટે પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ, મહિલાઓને મળતું પોલીસ રક્ષણ અને જરૂરિયાતના સમયે સંપર્ક કરવાની પ્રક્રિયા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. દીકરીઓને પોતાની સુરક્ષા પ્રત્યે સજાગ રહેવા અને કોઈપણ મુશ્કેલીના સમયે યોગ્ય મદદ મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

ડૉ. નેહલબેન ગજેરા દ્વારા કિશોરીઓના આરોગ્ય અંગે માર્ગદર્શન આપતા કિશોરાવસ્થામાં પોષણયુક્ત આહાર, વ્યક્તિગત સ્વચ્છતા, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત અંગે સમજ આપવામાં આવી હતી. કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર, કોબાના સહયોગથી આયોજિત આ કાર્યક્રમ દ્વારા દીકરીઓને પોતાના અધિકારો, કાયદાકીય રક્ષણ, નાણાકીય સ્વાવલંબન, આરોગ્ય અને સુરક્ષા અંગે ઉપયોગી માહિતી પ્રાપ્ત થઈ હતી. દીકરીઓ શિક્ષિત, સ્વાવલંબી, આત્મવિશ્વાસુ અને સશક્ત બને તથા સમાજમાં સમાન તકો પ્રાપ્ત કરે તેવા હેતુથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આ પ્રકારની જાગૃતિલક્ષી પ્રવૃત્તિઓ નિયમિતપણે હાથ ધરવામાં આવે છે.

તંત્રી લેખ

બટાકા-ડુંગળીના ભાવ વધ્યા, ચાંદીના દાગીના સસ્તા થયાઃછૂટક મોંઘવારી સતત ૧૧મા મહિને વધી

સપ્ટેમ્બરમાં રિટેલ મોંઘવારી વધીને ૫.૫૪% પર પહોંચી ગઈ છે. ઓગસ્ટમાં તે ૪.૮૨% હતી. બટાકા, ડુંગળી, ટામેટાં જેવી શાકભાજી અને ખાદ્યપદાર્થોના ભાવ વધ્યા છે. મધ્ય પૂર્વમાં તણાવને કારણે ફૂડ ઓઈલ પણ મોંઘું થયું છે. આ કારણોસર મોંઘવારી સતત ૧૧મા મહિને વધી છે.મોંઘવારી પર અંકુશ લાવવા માટે ઈમ્એ આ જ મહિને ૨૦૨૩ પછી પ્રથમ વખત વ્યાજ દરોમાં વધારો કર્યો છે. આરબીઆઈએ સ્પષ્ટ કરી દીધું છે કે વર્તમાન પરિસ્થિતિને જોતા આગામી સમયમાં વ્યાજ દરોમાં ઘટાડાની કોઈ શક્યતા નથી. બેંકની આગળની નીતિ કાં તો વ્યાજ દરો વધારવાની રહેશે અથવા તો તેમને આ જ સ્તરે જાળવી રાખવામાં આવશે.સરકાર મોંઘવારીનો દર નક્કી કરવા માટે એક બાસ્કેટ બનાવે છે. તેમાં ખાવા-પીવાની વસ્તુઓ, કપડાં, ઘરનું ભાડું, ભણતર અને સારવાર જેવી વસ્તુઓ સામેલ હોય છે. પરંતુ ગામડાં અને શહેરના લોકોની ખર્ચ કરવાની રીત અલગ હોય છે, તેથી બંને જગ્યાએ મોંઘવારી નક્કી કરવા માટે બાસ્કેટમાં સામાનનું વેઈટેજ અલગ-અલગ હોય છે.

ભેળસેળયુક્ત ખોળના વિવાદ બાદ દરોડા

કરોડોનો જથ્થો શંકાસ્પદઃઅલદેસણના ૪ અને લીંચના ૧ મોટા ગોડાઉનમાં વહીવટી તંત્રની સર્જિકલ સ્ટ્રાઈક



કડીમાં યોજાયેલી ગુજરાત કોટન સીડ્સ ક્રશર્સ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભામાં પશુ આહાર (ખોળ)માં થતી ભેળસેળનો મુદ્દો ભારે ગાજ્યો હતો. કૃષિ મંત્રી જીતુ વાઘાણીની હાજરીમાં જ સ્થાનિકો અને એસોસિએશન દ્વારા કડીની વ્રજ્રઢઠના ગોડાઉનોમાંથી સસ્તા ભાવે ભેળસેળયુક્ત ખોળ વેચાતો હોવાના આક્ષેપો કરાયા હતા. આ બાબતને ગંભીરતાથી લઈને મંત્રીએ ત્વરિત તપાસના આદેશ આપતાં જ મોડી રાત્રે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું.મંત્રીના નિર્દેશ બાદ મહેસાણા પશુપાલન વિભાગ, મામલતદાર ટીમ અને ફૂડ એન્ડ ડ્રગ્સ સેફ્ટી વિભાગે સંયુક્ત રીતે મોડી રાત્રે દરોડા પાડ્યા હતા. આ કામગીરી હેઠળ કડી તાલુકાના અલદેસણ નજીક આવેલા ૪ ગોડાઉનો અને મહેસાણાના લીંચ નજીકના ૧ મોટા ગોડાઉન મળી કુલ ૫ મુખ્ય સ્થળ પર સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.તપાસ દરમિયાન ગોડાઉનોમાંથી શંકાસ્પદ ખોળની હજારો બોરીઓનો વિશાળ જથ્થો મળી આવ્યો હતો. અધિકારીઓની ટીમે તમામ સ્ટોકનું નિરીક્ષણ કરીને શંકાસ્પદ ખોળના સેમ્પલો લઈ પૃથક્કરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.રાત્રે ત્રણ ટીમો દ્વારા તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ આ ગોડાઉનમાંથી સેમ્પલ લેવામાં આવ્યા છે. સેમ્પલના પરિણામ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે. તેમજ રાત્રે ગોડાઉનમાં કેટલો સ્ટોક છે, એની ગણતરી કરવામાં આવી છે. હાલ કોઈ ગોડાઉન સીલ કે જથ્થો ઝડપવામાં આવ્યો નથી.

૧૫ ઓક્ટોબરે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવશેઃસબ રજિસ્ટ્રાર કર્મચારીઓની માંગો ન સંતોષાતાં આવેદનપત્ર પાઠવાયું

રાજ્યની સબ રજિસ્ટ્રાર કચેરીના કર્મચારીઓ દ્વારા પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓને લઈને સરકાર સામે મોરચો ખોલ્યો છે.કર્મચારીઓએ પોતાની ૧૩ સૂત્રીય માંગણીઓના સમર્થનમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે અને આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.કર્મચારી મંડળના જણાવ્યા મુજબ, લાંબા સમયથી રજૂઆતો કરવા છતાં તેમની ન્યાયી માંગણીઓ સંતોષવામાં આવી નથી.વિરોધના ભાગરૂપે આગામી ૧૫ ઓક્ટોબરના રોજ દરેક કર્મચારી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવશે.

ઓડિટ ફકરા અન્વયે કર્મચારીઓને નોટિસ અને ચાર્જશીટ આપવાનું બંધ કરવું, ?ટાઈટલને લગતા પરિપત્રો રદ કરવા, ?ગરવી ૨.૦ પોર્ટલમાં સુધારા કરવા ?ખાસ ફરજના અધિનિયમની સત્તાઓ અન્ય વિભાગને સોંપવી, ?સબ રજિસ્ટ્રાર દ્વારા ફરજના ભાગરૂપે કરેલ કામગીરી માટે મહેસૂલ વિભાગના ઠરાવ વગર સીધી ક્ષ્ઁ.ઈ કરવાની પ્રક્રિયા બંધ કરવા સ્પષ્ટ સૂચના, ?સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ નું કેડર મર્જ કરવું, ?બદલીની અરજીઓને ન્યાય આપવો, ?બિનજરૂરી રજિસ્ટરો રદ કરવા, ?આધાર કાર્ડને લગતો પરિપત્ર રદ કરવો, ?દસ્તાવેજ નોંધણી એપોઈન્ટમેન્ટ (ટોકન સ્લોટ)માં ઘટાડો કરવો.







ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં જનતાના આશીર્વાદથી ભારતીય જનતા પાર્ટીના પ્રચંડ વિજય બાદ ગાંધીનગર મહાનગર ભાજપા કાર્યાલય તથા ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓએ વિજય ઉત્સવ મનાવ્યો.ઢોલ નગારાના નાદ સાથે, પરસ્પર મો મીઠું કરી, ફટાકડા ફોડી, વંદેમાતરમ અને ભારતમાતા કી જયના જયઘોષ સાથે કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્ણ રીતે ભવ્ય જીતની ઉજવણી કરી વિજેતા ઉમેદવારોને શુભકામનાઓ પાઠવી.

હિંમતનગરમાં રંગતાળી ગરબા મહોત્સવની રંગત જામી

બીજા નોરતે પરંપરાગત પોશાકમાં સજ્જ ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા





સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક કાંકણોલ ખાતે આવેલા કળશ પાર્ટી પ્લોટમાં નવરાત્રિ પર્વ નિમિત્તે 'રંગતાળી ૨૦૨૬' ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રિના બીજા નોરતે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શામળાજી વિષ્ણુ મંદિરના ટ્રસ્ટી સિદ્ધાર્થભાઈ પટેલની ઉપસ્થિતિમાં માતાજીની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ ખેલૈયાઓએ પરંપરાગત પોશાકમાં સજ્જ થઈ સંગીતના તાલે ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી.

'રંગતાળી ૨૦૨૬' મહોત્સવમાં ખેલૈયાઓના રંગબેરંગી પરંપરાગત પોશાક આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ગરબાના તાલે ઝૂમતા ખેલૈયાઓ અને સંગીતના સૂરથી સમગ્ર પાર્ટી પ્લોટમાં નવરાત્રિનો ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. બીજા નોરતે મોટી સંખ્યામાં ખેલૈયાઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે ગરબાની મજા માણી હતી. મહોત્સવ દરમિયાન ખેલૈયાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જરૂરી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હતી.

આ ગરબા મહોત્સવનું આયોજન રોટરી ક્લબ હિંમતનગર દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ક્લબના પ્રમુખ રોટેરિયન મનીષ કિમતાણી, સેક્રેટરી રોટેરિયન જે. પી. રાવલ અને ફેસિલિટેટર રસિક પટેલ સહિત રોટેરિયન મેહુલ કોઠારી, ડૉ. મેહુલ પટેલ, ડૉ. યતીશ, ડૉ. જયદેવ, ડૉ. કેવલ, ડૉ. ભગવતરામ, રાજેશ પટેલ, કમલેશ નાઈ, રાજુ અમીન, જતીન પટેલ, જિગ્નેશ પટેલ, ધવલ દરજી, અજય દરજી અને બ્રિજેશ દરજી ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત રોટરી ક્લબની સમગ્ર ટીમ અને ફ્રેન્ડ્સ કલ્ચર ગ્રુપના સભ્યોએ પણ હાજરી આપી હતી. 'રંગતાળી ૨૦૨૬'ના બીજા નોરતે ખેલૈયાઓના ઉત્સાહ, પરંપરાગત વેશભૂષા અને ગરબાની રમઝટે નવરાત્રિની ઉજવણીને યાદગાર બનાવી હતી.

પાટણમાં કોંગ્રેસ કાર્યાલય નજીક ઘટના, ૭ કાર્યકર ઈજાગ્રસ્ત; ૨ મહિલા સામે ગુનો નોંધાયો





પાટણમાં ભાજપ મહિલા મોરચાની રેલી પર શાહી ફેંકવા અને ગાળાગાળી કરવાના કેસમાં બે મહિલાઓ સામે બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આ ઘટનામાં ભાજપ મહિલા મોરચાના જિલ્લા પ્રમુખ ચેતનાબા રાજપૂત સહિત ૭ કાર્યકરો ઈજાગ્રસ્ત થયા હતા. તેમને ધારપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ચેતનાબા રાજપૂત અન્ય મહિલા આગેવાનો સાથે દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રોફેસર દ્વારા વિદ્યાર્થીઓની છેડતીના મુદ્દે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. તેમની રેલી પાટણના નવજીવન ચાર રસ્તાથી નીકળી, જે કોંગ્રેસ કાર્યાલય પાસેથી પસાર થઈ રહી હતી.

અંબાજી મંદિરમાં બીજા નોરતે ખેલૈયાઓ ગરબા ઘુમ્યા

ચાચર ચોકમાં મોબાઈલની લાઈટ ચાલુ કરી ભક્તો આરતીમાં લીન થયા, પંચમ ગ્રુપના ગરબા પર ઝૂમ્યા

અંબાજી મંદિરના ચાચર ચોકમાં બીજા નોરતે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. રાત્રે માતાજીની આરતી પછી ગરબા કાર્યક્રમ શરૂ થયો હતો.મોટી સંખ્યામાં ભક્તો અને ખેલૈયાઓ ગરબા સાથે માતાજીની આરાધનામાં લીન થયા હતા. મંદિરના ચાચર ચોકમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો.ભક્તોએ મોબાઈલની લાઈટ ચાલુ કરીને માતાજીની આરતી અને ગરબામાં ભાગ લીધો હતો. પંચમ ગ્રુપ દ્વારા આ ગરબા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.રાજ્ય સરકાર દ્વારા દરરોજ અલગ અલગ ગરબા ગ્રુપ અને સિંગર આવી રહ્યા છે.



૯.૫૬ લાખની ચણિયાચોળીમાં ઈશા અંબાણીનો રોયલ ઠાઠઃ૧૦ કારીગરોનો ૨૦૦૦ કલાકનો પરિશ્રમ; સિલ્ક પર ઝરદોઝી અને આભલાંથી રાધા-કૃષ્ણની રાસલીલા કંડારાઈ

અંબાણી પરિવારે નવરાત્રિની પૂર્વ સંધ્યાએ 'દેવી શક્તિ' ઉત્સવનું આયોજ કર્યું હતું. સ્વદેશ ઈરોસને એક વર્ષ પૂરું થવાના અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં બોલિવૂડ સેલિબ્રિટીઝનો જમાવડો હતો, પરંતુ જો સૌથી વધુ કોઈએ ધ્યાન આકર્ષિત કર્યું હોય તો તે અંબાણી પરિવાની લાડકવાયી દીકરી ઈશા અંબાણી હતાં. ઈશા અંબાણીએ ઝરદોજી અને આભલાથી મઢેલી ચણિયાચોલી પહેરી હતી. ૯૦ દિવસે તૈયાર થયેલી આ ચણિયાચોલીની કિંમત ?૯.૫૬ લાખ છે.અત્યારના જમાનામાં જ્યાં એક તરફ લોકો મિનિમલિઝમ તરફ વળી રહ્યા છે, ત્યારે ઈશા અંબાણીએ તેના મેક્સિમલિઝમ આઉટફિટથી સૌના દિલ જીતી લીધા છે. તોરાણી બ્રાન્ડે સ્વદેશ સાથે મળીને આ ભવ્ય લુક તૈયાર કર્યો છે. ૧૦ કારીગરોએ ૯૦ દિવસથી પણ વધુ દિવસ પેઇન્ટિંગ અને અંદાજે ૨,૦૦૦ કલાકથી પણ વધુની અથાગ કારીગરી કરીને ચણિયાચોલીને એક માસ્ટરપીસ બનાવ્યો છે.

આઇવરી-બેજ રંગના શુદ્ધ સિલ્ક પર આંધ્રપ્રદેશની કલમકારી અને ઓડિશાનું પટ્ટચિત્ર દોરવામાં આવ્યાં. આ ચિત્રો પર ઝરદોઝી, સિક્વિન, ફ્રેન્ચ નોટ્સ, મોતી કામ, આભલાં, લટકણ અને ટાટલ્સનું કામ કરીને તેને જીવંત કરવામાં આવ્યા. ઘેરદાર ચણિયાની સાથે શર્ટ-સ્ટાઈલ ચોલીએ આ સમૃદ્ધ લેયર્ડ આઉટફિટના શોભામાં અભિવૃદ્ધિ કરી. જ્યારે ઈંટ જેવા લાલ રંગના દુપટ્ટાએ માટી અને ગરબાની અનુભૂતિ કરાવી.રાસ-ગરબા અને કૃષ્ણ અભિન્ન છે. આ જ ભાવને દર્શાવવા માટે ઈશા અંબાણીની ચણિયાચોલીમાં રાધા-કૃષ્ણની રાસલીલા કંડારવામાં આવી. ચણિયાની દરેક કલીમાં રાધા-કૃષ્ણના પ્રેમ, રાસલીલા અને ભક્તિની ઝલક જોવા મળી. રાસલીલા ઉપરાંત ગરબાનો તાલ, દાંડિયાના અથડામણનો સાદ અને સાથે મળીને નૃત્ય કરવાના સમર્પણની વાતને આ ચણિયાચોલીમાં વણી લેવામાં આવી.ઈશાએ આ રોયલ ચણિયાચોલી સાથે માતા નીતા અંબાણીના પર્સનલ કલેક્શનમાંથી સુંદર દાગીનાં પહેર્યાં હતાં. તેમણે બે લેયરવાળો નેકલેસ પહેર્યો હતો, જેમાં ઉપરના ભાગે ગોલ્ડન કુંદર અને બારીક વર્કવાળું પોલકી ચોકર અને નીચે ત્રિકોણાકાર બ્લુ-લીલા રંગના મીનાકારી અને જડતર કામવાળું સ્ટેટમેન્ટ હેંગિંગ ચોકર હાર હતો.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No - 195
વિષય : શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ નિર્મળ નવરાત
પ્રકારઃ પદ્ય અછાંદસ
શબ્દોઃ ૭૧

નિર્મળ છે નવરાત કર જીંદગી ભર ની વાત,
સાફ હશે મન તો જ હર દમ છે નવરાત.

નયનથી નિહાળો નિશદિન નારીને નવદુર્ગા,
નહીં નાચો નહી ગાવો ખીલી ઉઠશે કાયનાત.

સન્માન કરો સન્નારીનું સમજો શારદા માત,
નારી પણ નારાયણી બને તો ચમકી ઉઠે જાત.

વેગળી કરો વલ્ગરતા વસ્ત્રો,વાણી ને ઉજાણી,
વેગળી નહીં કરો વલ્ગરતા તો નથી એ નવરાત.

નાચો, ગાવો, મોજ મનાઓ કરોને મનોરંજન,
દીપ દયાનો દિલમાં પ્રગટાવી મલકાવો નવરાત.

અમૃત શ્રીમાળી (મહેસાણા)
★★★★★★★
NOG SS NO 188
વિષયઃ- શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો.
શીર્ષક :- અમુલ્ય વારસો
પ્રકાર.:પદ્ય શબ્દોઃ૭૮
શ્રદ્ધાતણાં પ્રકાશીને ચમકે છે ધામ સાચાં,
સંસ્કૃતિના અહીં વારસા છે તમામ સાચાં.

?દીપકની જ્યોતની દિવ્યતા સદાય છલકે,
અધ્યાત્મથી શોભે છે ભૂમિનાં નામ સાચાં.

?સંસ્કારની સુવાસ થી મહેકે છે દેશ આખો,
શ્રદ્ધા થકી જ થાય છે સઘળાં કામ સાચાં.

?યુગોથી જે જળવાતો એ જ પંથ અપનાવી,
આપે છે શાંતિ મનને સુન્દર વિરામ સાચાં.

?ભક્તિ અને સમર્પણ જ્યાં માર્ગ બતાવનારાં,
મળતાં ત્યાં જીવનનાં અંતિમ મુકામ સાચાં.

?'મુરલી' અમુલ્ય વારસાને હૈયે સદાય વાવો,
શ્રદ્ધા થકી સુધરે છે આ લોક-ધામ સાચાં.

રચનાઃ-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)
★★★★★★★
NOG SS NO- 162
વિષય - શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત
સંસ્કૃતિનો વારસો
શીર્ષક- ગરબો દુધેતે ભરી તલાવડી
પ્રકાર-ગધ,શબ્દો-૧૨૫

નવરાત્રિ એટલે પ્રાચીન રાસગરબા
અને પ્રજ્વલિત દીપ નો જગમગાટ
ત્યાં શક્તિની દેવી મા ભગવતી ચાચર
ચોકની પટરાણીની ઉપાસના અને ગરબા ની રમઝટ.
સ્ત્રીઓ નો મનગમતો તહેવાર મન મુકીને નાચતી સ્ત્રી એક જોગમાયા નુ જ સ્વરુપ દીસે.
એક ગામ માં નવરાત્રી રમવા જવા માટે નાનુ બાળક છ મહિના નુ ઘરે પતિ પાસે મુકી ને સાહેલીઓ સાથે ગરબા રમવા જાય છે.
મોડી રાત સુધી ગરબા રમે છે ત્યારે ૧,૨,વાગયે તેને બાળક યાદ આવે છે અને દોડતી ઘરે આવે છે
ઘોડીયામા બાળક ખૂબ રડતું જુવે છે
ત્યારે ચટપટ બાળકને ખોળામાં લઈ પોતે ધવરાવવા લાગે છે
અને ત્યારે તેના ગળામાં પહેરેલી મોતીની માળા આડે આવે છે
ત્યારે સામે બેઠેલો પતિ ગીત ગાય છે
" દુધે તે ભરી તલાવડી ને મોતી ડે બાંધી પાળરે જીલણ જીલવા ગ્યાતા કે ગરબે ઘૂમવા ગ્યાતા.
આ ગીત બધા વર્ષો જુના કાયમ સાંભળવા ગમે ક્યારેય જુના થતા નથી પ્રાચીન ગીતો મતલબ ભરેલા એ ઘણું સમજાવી જાય છે..!

રેખા રસિક નાકરાણી(મુંબઈ)
★★★★★★★
NOGSS NO :158
વિષયઃનવરાત્રિઃશ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ શક્તિ સ્વરૂપા મા
પ્રકારઃપદ્ય શબ્દોઃ૧૦૪

મા શક્તિ મમતાની મૂર્તિ કરે સદા ઉપકાર,
શક્તિ સ્વરૂપા મા તારી કૃપા બધાં પર રહે અપાર!

જગતની પાલનકર્તા સૃષ્ટિ નિર્માણકર્તા શક્તિ,
વિશ્વાસનો અતૂટ નાતો ભક્તિ મુક્તિ સંસ્કૃતિ!

કર્મ ધર્મમાં વ્યસ્ત રહે નર નારી પરિવાર,
ભક્તિ ભાવથી જે જપે થાય તેનો ઉદ્ધાર!

મહિષાસુર પેદા થયા છે જગમાં તેનો કરો વિનાશ,
બીજે ક્યાં જવું હે મા એક તારી જ અમને
આશ!

શ્રદ્ધાનો દીપ પ્રજ્વલિત મનમાં સદાય ઉજાશ,
સંસ્કૃતિનો વારસો અમુલ્ય જીવનમાં પ્રકાશ!

'પ્રેમ' શ્રદ્ધા સદ્ભાવ થી માનું પૂજન વિવિધ પ્રકાર,
ભક્તના ઘરમાં થાય છે માનો જય જયકાર!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા
★★★★★★★
NOG SS NO 167
વિષયઃ"નવરાત્રીઃઃશ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો"
શિર્ષકઃ"નવરાત્રી..અષ્ટમીનો દિવસ, વિશેષ પૂજાનો દિવસ"
પ્રકારઃગદ્ય
શબ્દોઃ૩૪૧
હિન્દુ ધર્મમાં નવરાત્રીનું વિશેષ મહત્વ છે. દર વર્ષે અશ્વિન માસની શુક્લપક્ષની પ્રતિપદાથી શારદીય નવરાત્રીનો પ્રારંભ થાય છે. માતાજીના કલશની સ્થાપના ઘર અને ધાર્મિક સ્થળોએ કરવામાં આવે છે. તમામ ઘરોમાં નવ દિવસ સુધી માતાજીની પૂજા કરવામાં આવે છે.

માતાજીના નવે દિવસનું સ્વરૂપ જુદું જુદુ હોય છે પણ આઠમનું વિશેષ મહત્વ છે જે મહાગૌરીના રૂપમાં ઉજવવામાં આવે છે. આઠમો દિવસ દુર્ગા અષ્ટમી તરીકે પણ ઓળખાય છે. આ મા દુર્ગાનું સ્વરૂપ મહાગૌરીને સમર્પિત છે. તે દિવસે માતાજીના મંદિરોમાં હોમ-હવન કરવામાં આવે છે અને સાંજે યજ્ઞ પૂર્ણ થયા બાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે. જેનો દરેક વ્યક્તિ આસ્થા સાથે સ્વીકાર કરે છે.

અષ્ટમીને મહાગૌરી દિવસ પણ કહેવાય છે. એક દંતકથા અનુસાર, માતા પાર્વતીએ ભગવાન શિવને તેમના પતિ તરીકે મેળવવા માટે કઠોર તપસ્યા કરી હતી. માતા પાર્વતીજીએ અન્ન-જળનો ત્યાગ કર્યો હતો. જેના કારણે માતાનું આખું શરીર કાળું થઈ ગયું હતું. ભગવાન શિવ પ્રસન્ન થયા અને માતાજીને તેમની પત્ની તરીકે સ્વીકાર્યા, અને તેમના કાળા શરીરને ગંગાજળથી શુદ્ધ કરી, માતાજીના શરીરને ફરીથી ચમકાવ્યું. માતાનો રંગ ગોરો થઈ ગયો હતો તેથી તેમને મહાગૌરી પણ કહેવામાં આવે છે. આઠમના દિવસે કુંવારી કન્યાની પૂજાનું વિશેષ મહત્વ છે. કુંવારી કન્યાને માતાજીનું સ્વરૂપ માનવામાં છે.

અષ્ટમી એટલે કે નવરાત્રિનો આઠમો દિવસ. તેની આભા ગુલાબી રંગની છે. ગુલાબી રંગ દયા અને સ્નેહનું પ્રતિનિધિત્વ કરે છે. તે દિવસે માતાજીની મૂર્તિ અને માતાજીની શોભા સોમ્ય સ્વરૂપની હોય છે. માતાજીનું આઠમું સ્વરૂપ મહાગૌરી સ્વરૂપ છે. માતાજી સફેદ વસ્ત્રો ધારણ કરીને બળદ પર સવારી કરે છે. આ ઉપરાંત અષ્ટમનો રંગ ગુલાબી હોવાથી માતાજીના શણગારમાં ગુલાબી રંગને પ્રાધાન્ય આપવામાં આવે છે.

માતાજી દુષ્ટ તત્વોનો નાશ કરવા માટે એક હાથમાં ત્રિશૂળ ધરાવે છે. બીજી બાજુ ડમરુ છે જે ભગવાન શિવને પ્રિય છે અને સંગીતનું પ્રતીક છે. ત્રીજા હાથમાં અભય મુદ્રા છે જે ભક્તોને રક્ષણનું નિર્ભય વચન આપે છે. પછી ચોથા હાથે તે ભક્તો પર આશીર્વાદ વરસાવે છે. નવરાત્રિ દરમિયાન અષ્ટમીનો દિવસ વધુ મહત્વનો માનવામાં આવે છે. ઘણી જગ્યાએ માને નૈવેદ્ય પણ ચઢાવવામાં આવે છે. પૂજા અને ગરબા ગીતો દરેક જગ્યાએ કરવામાં આવે છે. નવરાત્રીના દિવસે લોકો ભક્તિભાવથી પૂજા કરે છે.

નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)
★★★★★★★
NOG SS NO : 411
વિષય : શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : ભારતીય સંસ્કૃતિ અને શ્રદ્ધાદીપ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૭૮

પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિમાં શ્રદ્ધાનો દીપ અખંડ પ્રજ્વલિત રહ્યો છે. આપણા વેદો અને શાસ્ત્રોમાં દર્શાવેલાં 'વસુધૈવ કુટુંબકમ્' — સમગ્ર વિશ્વ એક પરિવાર છે, 'સર્વે ભવન્તુ સુખિનઃ' — સૌ સુખી થાઓ અને 'અતિથિદેવો ભવ' — અતિથિ ઈશ્વર સમાન છે, જેવાં સૂત્રો આપણી સંસ્કૃતિના ઉદાત્ત વિચારોનું પ્રતિબિંબ છે. સમગ્ર વિશ્વને પરિવાર માનવો અને સૌના કલ્યાણની ભાવના રાખવી એ જ ભારતીય સંસ્કૃતિનું હાર્દ છે.

અજંતા અને ઈલોરાની ગુફાઓમાં પથ્થરો પર કંડારેલી ભવ્ય પ્રતિમાઓ તથા અદ્ભુત સ્થાપત્યકલા આપણાં પૂર્વજોની સર્જનશક્તિ અને કલાસાધનાની સાક્ષી પૂરે છે. કોણાર્કનું સૂર્યમંદિર, મીનાક્ષી મંદિર, સોમનાથ મહાદેવનું ધામ અને પ્રાચીન જૈન મંદિરો ભારતીય સંસ્કૃતિની ભવ્યતાનો પરિચય કરાવે છે.

જગન્નાથપુરીની રથયાત્રામાં ભગવાન જગન્નાથજી મોટાભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળે છે, ત્યારે લાખો ભક્તો તેમનાં દર્શન માટે ઊમટી પડે છે. માઈલોનું અંતર કાપીને આવવા પાછળ માત્ર પરંપરા નહીં, પરંતુ પ્રભુ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા રહેલી છે.

શ્રીનાથદ્વારામાં અન્નકૂટનાં દર્શન પછી ભક્તો પ્રસાદ
આભાર - નિહારીકા રવિયા મેળવવા આતુર બને છે. પ્રસાદનો નાનકડો અંશ પણ તેમના માટે પ્રભુના આશીર્વાદનું પવિત્ર પ્રતીક બની જાય છે. તેને તેઓ જીવનના સુખદુઃખમાં શ્રદ્ધાભેર સાચવી રાખે છે. ખરેખર, શ્રદ્ધા માનવીના હૃદયમાં આશા અને હિંમતનો દીપ પ્રગટાવે છે.

મકરસંક્રાંતિ, વિજયાદશમી, હોળી, મહાશિવરાત્રિ, દિવાળી, નવરાત્રિ અને ગણેશોત્સવ જેવા પર્વો દેશભરમાં વિવિધ પરંપરાઓ સાથે ઉજવાય છે. દરેક ઉત્સવ આનંદની સાથે સંસ્કારોનું સિંચન કરે છે, સંબંધોમાં હૂંફ ભરે છે અને એકતાની ભાવના મજબૂત બનાવે છે.

આમ, ભારતીય સંસ્કૃતિનો શ્રદ્ધાદીપ માત્ર મંદિરો કે ઉત્સવોમાં જ નહીં, માનવીના અંતરમાં પણ પ્રકાશ પાથરે છે. તે નિરાશામાં આશા જગાવે છે અને માનવતા, કરુણા તથા સદ્ભાવનાના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.

આપણી પાવન સંસ્કૃતિનો આ શ્રદ્ધાદીપ સદાય પ્રજ્વલિત રહે અને સમગ્ર વિશ્વમાં માનવતાની સુવાસ ફેલાવે — એ જ મંગલ કામના!

નંદકિશોર સંજાણવાલા,
મુંબઈ
★★★★★★★
NOGSS:226
વિષયઃ-નવરાત્રિઃ શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસોઃ-
શીર્ષક :-"નવરાત્રિ- શ્રદ્ધાની જ્યોત- સંસ્કૃતિનો અમુલ્ય વારસો"
રચનાઃ- ગદ્ય શબ્દોઃ-૩૩૯

નવરાત્રિ એટલે નવ રાત્રિઓનો ઉત્સવ, શક્તિની આરાધનાનો પર્વ. ગુજરાતની ધરતી પર આ તહેવાર માત્ર ધાર્મિક વિધિ નથી, પણ સંસ્કૃતિનો જીવંત વારસો છે. 'નવ' એટલે નવું, અને 'રાત્રિ' એટલે આત્મશોધની ક્ષણ. આ નવ રાત્રિઓ દરમિયાન માનવી અંધકારમાંથી પ્રકાશ તરફની યાત્રા કરે છે.

આ પર્વનું કેન્દ્ર છે આદ્યશક્તિ મા દુર્ગા. પ્રથમ ત્રણ દિવસ મહાકાળી, પછીના ત્રણ મહાલક્ષ્મી અને અંતિમ ત્રણ દિવસ મહાસરસ્વતીની ઉપાસના થાય છે. એવું કહેવાય છે કે મહિષાસુર પર વિજય મેળવવા દેવોએ પોતાની શક્તિઓ ભેગી કરીને દુર્ગાનું સર્જન કર્યું. નવરાત્રિ એ અસત્ય પર સત્યના અને અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે. ઉપવાસ, ગરબી સ્થાપન, આરતી અને સ્તુતિ દ્વારા ભક્તો શ્રદ્ધાના દીપને પ્રજ્વલિત રાખે છે.

પણ નવરાત્રિની સાચી ઓળખ તો તેના સાંસ્કૃતિક રંગોમાં છે. માટીની ગરબીમાં કાણાં પાડી અંદર દીપ મૂકવામાં આવે છે. આ ગરબી બ્રહ્માંડનું પ્રતીક છે અને દીપ આત્માનું. તેની ફરતે વર્તુળાકારે થતો ગરબો એ જીવનચક્રનું સૂચન કરે છે. ઢોલના તાલે, તાળીઓના નાદે, રંગબેરંગી ચણિયાચોળી અને કેડિયાના ઘમકારે આખું ગામ, શહેર એક થઈ જાય છે. જાત, જ્ઞાતિ, ઉંમરના ભેદ ભૂલીને સૌ એક જ લયમાં ઝૂમે છે. આ જ તો ભારતીય સંસ્કૃતિની એકતાની ભાવના છે.

આજના આધુનિક યુગમાં જ્યારે ડીજે અને ક્લબ કલ્ચરે પ્રવેશ કર્યો છે, ત્યારે પણ ગરબાના મૂળમાં રહેલી શ્રદ્ધા અકબંધ છે. વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ નવરાત્રિને એટલા જ ઉત્સાહથી ઉજવે છે, જે આપણી સંસ્કૃતિને વૈશ્વિક બનાવે છે. નવરાત્રિ શીખવે છે કે શક્તિ બહાર નથી, અંદર છે. નારી શક્તિનું સન્માન કરવાનો આ પર્વ છે.

નવરાત્રિ દરમિયાન ગરબા, હસ્તકલા, ભોજન અને પરંપરાગત પહેરવેશનો વ્યાપાર પણ ખીલે છે, જે હજારો કારીગરો અને કલાકારોને રોજગાર આપે છે. યુવાનો માટે આત્મઅભિવ્યક્તિનું માધ્યમ છે, તો વડીલો માટે ભક્તિ અને સ્મૃતિનો સંગમ છે. નવ દિવસના વ્રત દ્વારા શરીર શુદ્ધિ અને મનની એકાગ્રતા પણ સધાય છે, જે યોગ અને આયુર્વેદની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે.

અંતે, નવરાત્રિ એ માત્ર ઉત્સવ નથી, તે સંસ્કાર છે. શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત આ વારસો પેઢી દર પેઢી આપણને યાદ અપાવે છે કે જ્યાં શ્રદ્ધા છે, ત્યાં જ સંસ્કૃતિ જીવંત છે. દરેક ગરબાની તાલી, દરેક આરતીનો દીવો અને દરેક ભક્તનું સ્મિત આ પરંપરાને અમર બનાવે છે, અને ભવિષ્યની પેઢી માટે પ્રેરણા બની રહે છે. ખરા અર્થમાં આ જ સનાતન સંસ્કૃતિ છે.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)



માના નોરતાંમાં બે દીકરીઓની માતા હીરાબાનું મહાદાન!

ધનસુરાના કંજરી કંપામાં ૮૦ વર્ષીય હીરાબાનું દેહદાન; જાયન્ટ્સ મોડાસાની પ્રેરણાથી ૧૩મું દેહદાન સંપન્ન

ધનસુરાઃ નવરાત્રિના પવિત્ર પર્વમાં જ્યાં માતૃશક્તિની આરાધના કરવામાં આવે છે, ત્યાં ધનસુરા તાલુકાના કંજરી કંપામાં બે દીકરીઓની માતા ૮૦ વર્ષીય હીરાબાએ દેહદાન થકી માનવસેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. મૃત્યુ બાદ પણ પોતાનો દેહ મેડિકલના વિદ્યાર્થીઓના અભ્યાસમાં ઉપયોગી બને અને ભવિષ્યમાં અનેક દર્દીઓની સેવા માટે તબીબો તૈયાર થાય તેવા ઉમદા આશય સાથે પરિવારજનોએ હીરાબાનું દેહદાન કરાવ્યું હતું. જાયન્ટ્સ મોડાસાની પ્રેરણાથી થયેલું આ ૧૩મું દેહદાન છે.

હીરાબાની ઇચ્છા હતી કે તેમના મૃત્યુ બાદ પણ તેમનો દેહ સમાજના કામ આવે. તેમના ભત્રીજાની દીકરી ઝાયડસ કોલેજ, દાહોદ ખાતે અભ્યાસ કરતી હોવાથી મેડિકલના વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અભ્યાસમાં મદદ મળે અને તેઓ ભવિષ્યમાં વધુ સારી રીતે દર્દીઓની સેવા કરી શકે તેવો તેમનો ઉમદા વિચાર હતો.

હીરાબાની બે દીકરીઓ મીનાબેન, ભત્રીજા હિતેશભાઈ તથા પરિવારના અન્ય સભ્યોએ તેમની અંતિમ ઇચ્છાને માન આપીને દેહદાન માટે પહેલ કરી હતી. પરિવારજનોએ જાયન્ટ્સ મોડાસાના દેહદાન-ચક્ષુદાન પ્રોજેક્ટના ચેરમેન નવીન રામાણીનો સંપર્ક કરતાં જાયન્ટ્સ ઇન્ટરનેશનલ કમિટી મેમ્બર અને જીવદયાપ્રેમી નિલેશ જોષી, ઝોન ડાયરેક્ટર પ્રવીણ પરમાર તથા પ્રમુખ અમરીશ પંડ્યાના માર્ગદર્શન અને પ્રેરણાથી દેહદાનની પ્રક્રિયા આગળ વધારવામાં આવી હતી.

પરિવારની ચક્ષુદાન કરવાની પણ ઇચ્છા હતી, પરંતુ જરૂરી સમયમર્યાદા વીતી જવાને કારણે ચક્ષુદાન શક્ય બન્યું નહોતું. તેમ છતાં દેહદાન દ્વારા મેડિકલના વિદ્યાર્થીઓના શિક્ષણમાં યોગદાન આપવાનો પરિવારનો નિર્ણય સરાહનીય રહ્યો હતો.

જાયન્ટ્સના નિલેશ જોષીએ જણાવ્યું હતું કે, નવરાત્રિમાં માતૃશક્તિની આરાધના સાથે હીરાબા અને તેમના પરિવારની માનવસેવાની ભાવના સમાજ માટે પ્રેરણારૂપ છે. દેહદાનથી મેડિકલના વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન મેળવવામાં મદદ મળશે અને ભવિષ્યમાં અનેક દર્દીઓની સેવા માટે તેઓ વધુ સક્ષમ બનશે.

જાયન્ટ્સ મોડાસા દ્વારા દેહદાન અંગે જાગૃતિ ફેલાવવાના પ્રયાસોના ભાગરૂપે આ ૧૩મું દેહદાન સમાજમાં માનવતા, શિક્ષણ અને સેવાભાવનો સંદેશ આપતું બન્યું છે.

જામનગરમાં ગોરાણી ગ્રુપ દ્વારા પ્રથમ વખત ગોરાણી ગરબા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું

સમસ્ત બ્રહ્મ સમાજની ૧૫૦૦થી વધુ બહેનોએ મહારાસમાં ઉત્સાહભેર ભાગ લીધો, આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન









જામનગર : જામનગરમાં સમસ્ત બ્રહ્મ સમાજની બહેનો અને બાળકો માટે ગોરાણી ગ્રુપ જામનગર દ્વારા પ્રથમ વખત ગોરાણી ગરબા નવરાત્રી મહોત્સવ તથા મહારાસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં બ્રહ્મ સમાજની ૧૫૦૦થી વધુ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગોરાણી ગ્રુપના આ પ્રથમ પ્રયાસને બ્રહ્મ સમાજના આગેવાનો હોદ્દેદારો, ઘટકો અને વિવિધ પેટા જ્ઞાતિઓના પ્રતિનિધિઓનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

ગોરાણી ગરબા નવરાત્રિ કાર્યક્રમનો પ્રારંભ ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તથા જામનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, શાસક પક્ષના નેતા અજયભાઈ મોદી સહિત કોર્પોરેટર ભાઈ-બહેનો, પત્રકાર મંડળના પ્રમુખ ભરતભાઈ રાવલ, નવાનગર કો-ઓપરેટિવ બેંકના ચેરમેન અશોકભાઈ જોબનપુત્રા, ભરતભાઈ કવાડ, નોબત દૈનિકના ચેતનભાઈ માધવાણી, જયેશભાઈ રૂપારેલીયા, ડો.દેવાંશુભાઈ શુક્લ, ડો. નીરજ ભટ્ટ, ડીવાયએસપી સમીરભાઈ શારડા, પત્રકારો, ન્યુઝ ચેનલના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત બ્રહ્મ સમાજના હોદ્દેદારો તેમજ જામનગરમાં કાર્યરત બ્રહ્મ સમાજના વિવિધ ઘટકો અને પેટા જ્ઞાતિઓના અગ્રણીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. આ કાર્યક્રમને સાંસદ પૂનમબેન માડમ, શિક્ષણમંત્રી રિવાબા જાડેજા ની શુભકામનાઓ મળી હતી.

ગોરાણી ગ્રુપનાં સંયોજક ડિમ્પલબેન રાવલે જણાવ્યું હતું કે, જામનગર જ નહીં પરંતુ ગુજરાતમાં સૌપ્રથમ વખત માત્ર બ્રહ્મ સમાજની મહિલાઓ માટે આ પ્રકારના મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહારાસનું કમ્પોઝિશન જામનગરમાં જ તૈયાર કરવામાં આવ્યું હતું અને તેની ગાયકી પણ જામનગરમાં જ કરવામાં આવી હતી. સ્થાનિક કલાકારો અને આયોજકોના પ્રયાસોથી તૈયાર થયેલા આ વિશિષ્ટ મહારાસમાં ૧૫૦૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગોરાણી ગરબા નવરાત્રી મહોત્સવ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર ખેલૈયાઓએ ઉત્સાહભેર પોતાની કલા રજૂ કરી હતી. સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલૈયાઓને અલગ-અલગ દાતાઓના સહયોગથી ઇનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં પરંપરાગત ગરબા, મહારાસ અને સાંસ્કૃતિક માહોલે ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સમગ્ર ગોરાણી ગરબા મહોત્સવને સફળ બનાવવા માટે ગોરાણી ગ્રુપનાં સંયોજક ડિમ્પલબેન રાવલની આગેવાનીમાં અનિલાબેન દવે, અર્ચનાબેન પુંજાણી, ધારાબેન પુરોહિત, ભાવિકાબેન જોશી, કિરણબેન પંડ્યા, મનિષાબેન ઠાકર, દેવિકાબેન ઠાકર, પાયલબેન શર્મા, રેણુકાબેન ભટ્ટ, વીણાબેન પાઠક, તેજલબેન પુરોહિત, હંસાબેન રાવલ, હર્ષિતાબેન જોશી, ડિમ્પલબેન મહેતા, દિશિતાબેન પંડ્યા, નિધિબેન ભટ્ટ, નીતાબેન પંડ્યા, પ્રીતિબેન રાવલ, ભાવનાબેન રાવલ સહિતની બહેનોએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા સંચાલક બીમલભાઈ ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું. મહારાસ અને ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે જલ્પાબેન બુચ, સિમરનબેન ભટનાગર અને હિરબેન બુચે સેવા આપી હતી. ગોરાણી ગરબા નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા માટે રંગતાળી ગ્રુપના સંયોજક સંજયભાઈ જાની, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, કે.ડી. જ્વેલર્સ, અપના બજાર મોલ તેમજ અન્ય અનેક દાતાઓએ સહયોગ પૂરો પાડ્યો હતો.

મોહ છોડો, પણ પોટલું કેમ બાંધી જાવ છો?!(સંત સુરા)

હમા ખાતો ભ્રષ્ટ અમલદાર, કથાકાર પાસે દોડી જઈ સૌ પ્રથમ ભાગવત સપ્તાહ બેસાડતો હોય છે! પહેલા હમા, બાદ સપ્તાહ, પછી પાછા હમા!
કથાકારો યજમાનને મોહ છોડવાનું કહે છે, તો પોતે આફતનું પોટલું કેમ બાંધી જાય છે?!: સંત સુરા ઉવાચ!

સનાતન શાસ્ત્રોમાં બે પંક્તિ આવે છે, જે આજના ધર્મજગતની પોલ ખોલે છે.
પહેલી — અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ: સંસારમાં, વ્યવહારમાં થયેલા પાપો તીર્થમાં જઈને, સ્નાન, ભક્તિ અને પ્રાયશ્ચિતથી નાશ પામે છે.

બીજી — તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ: પણ જો પવિત્ર તીર્થમાં, વ્યાસપીઠ પર બેસીને જાણીજોઈને પાપ કરો, લોભ કરો, છેતરપિંડી કરો, તો તે પાપ વજ્રલેપ બની જાય છે. વજ્રલેપ એટલે હીરાથી પથ્થર પર પડેલો ઘા, જે ક્યારેય ભૂંસાતો નથી.

આજની કથાઓ જુઓ અને આ શ્લોક યાદ કરો.

કથાકાર આવે છે. ૭ દિવસ સુધી વ્યાસપીઠ પરથી કહે છે — આ સંસાર મિથ્યા છે, મોહ-માયા છોડો, કંચન-કામિનીનો ત્યાગ કરો, ધન તો માટી સમાન છે.

સામે બેઠેલો યજમાન ભાવવિભોર થઈ જાય છે. તેને લાગે છે ધન ખરેખર માટી છે. તે ચરણોમાં નોટો, સોનું, વસ્ત્રો ધરી દે છે. તે મુક્ત થવા માંગે છે.

પણ પડદા પાછળ દૃશ્ય બદલાય છે. માઈક બંધ થતાં જ જે ધનને માટી કહેતો હતો, એ જ કથાકાર મેનેજર સાથે હિસાબમાં લાગી જાય છે — કેટલા આવ્યા? કેશ કેટલો? ઓનલાઈન કેટલો? ફોર્ચ્યુનર કેમ નથી મોકલી? હોટલ ૫ સ્ટાર કેમ નથી? અને પછી મોટા પોટલા બાંધીને નીકળી જાય છે.
સવાલ સીધો છે — તમે જ કહો છો મોહ ન રાખવો, તો તમે પોતે પોટલું કેમ બાંધી જાવ છો? યજમાનને ત્યાગનો બોધ અને પોતાને સંગ્રહનો મોહ, આ કેવો ધર્મ?
ભાગવત કહે છે કે જ્યાં કથા થાય ત્યાં તે સ્થાન તીર્થ બની જાય છે. વ્યાસપીઠ કોઈ સ્ટેજ નથી, તે તીર્થ છે. ત્યાં બેસીને જો તમે રેટ નક્કી કરો — મારી ભાગવતના ૧૧ લાખ, રામકથાના ૨૧ લાખ, એડવાન્સ ૫૦ ટકા — તો તમે કથાકાર નથી, વેપારી છો.

દુનિયામાં બીજે ભેળસેળ કરશો તો કદાચ માફ થશે, ધર્મના નામે ભેળસેળ કરશો તો તે વજ્રલેપ બનશે.
અમે દક્ષિણાની વિરુદ્ધ નથી. કથાકારને પણ પરિવાર છે, ખર્ચ છે, ગુરુકુળ છે, અમે સમજીએ છીએ. પણ દક્ષિણા અને લૂંટમાં ફરક છે. શબરીના બોર જેવી ભાવથી આપેલી દક્ષિણા લો, રેટ-લિસ્ટથી માંગેલી વસૂલાત નહીં.

ઈતિહાસમાં સાચા કથાકારો કેવા હતા? તુલસીદાસ, સુરદાસ ક્યારેય પોટલું બાંધીને ગયા નથી, તેઓ પોટલું ખોલીને ગયા છે. યજમાનના ઘરેથી માયા લઈને નહીં, હૃદયમાંથી પાપ કાઢીને ગયા છે.

ખેર, આજે ઘણા કથાકારોનું ધ્યાન ભૌતિક સુખમાં અને બહારની દુનિયામાં જ હોય છે. વ્યાસપીઠ પર બિરાજ્યા પછી પણ ડોકિયા વૃત્તિ કરતા હોય છે!
યાદ રાખો, અન્યક્ષેત્રનું પાપ કદાચ ધોવાઈ જશે, પણ વ્યાસપીઠ પર બેસીને કરેલું પાપ ક્યારેય ધોવાતું નથી. તે વજ્રલેપ બનીને રહે છે!જય સીયારામ!
લેખક: સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

પાટણના શેઠ શ્રી ભોગીલાલ જય રામજીની ઉત્તર ગુજરાત લાડી લોહાણા સિંધી પંચાયતના પ્રમુખ પદે ભવ્ય વિજય



હમણાં મધ્યપ્રદેશના મંદસોર ખાતે યોજાયેલ અખિલ ભારતીય લાડી લોહાણા સિંધી પંચાયતના ૪૧ માં રાષ્ટ્રીય અધિવેશનમાં પાટણના પ્રમુખ શેઠ શ્રી ભોગીલાલ રેવાચંદ જય રામજીના ભવ્ય વિજય બાદ ઉત્તર ગુજરાત લાડી લોહાણા સિંધી પંચાયતના પ્રમુખ પદે વરણી કરવામાં આવી તેનાથી ગૌરાંવિત પાટણના સિંધી સમાજે શેઠ શ્રી ભોગીલાલ જય રામજીના સન્માન અર્થે તારીખ ૧૧-૧૦-૨૦૨૬ ના રોજ સન્માન સમારંભ યોજાયો સમારંભમાં અખિલ ભારતીય લાડી લોહાણા નવયુવક મંડળના અધ્યક્ષ શ્રી ભાવેશભાઈ જશવંતલાલ જય રામજી પાટણ લાડી લોહાણા પંચાયતની સંપૂર્ણ કારોબારી,નવયુવક મંડળના સભ્યો, પૂર્વ પ્રમુખશ્રી હરેશકુમાર એન લાલવાણી તેમજ સમાજના અગ્રણી સહિત મોટી સંખ્યામાં સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શરૂઆતમાં જ શેઠ શ્રી ભોગીલાલ જય રામજી નું સમાજના અગ્રણીઓ અને સભ્યો દ્વારા તાળીઓના ગડગડાટ સાથે અભિનંદન પાઠવી ફુલહાર, બુકે,પાઘડી, સાફા પહેરાવી સાલ ઓઢાવી પ્રેમપૂર્વક સન્માન કર્યું ત્યારબાદ શેઠ શ્રી ભોગીલાલના ઉદબોધનમાં તેમણે ઉત્તર ગુજરાત પ્રાંતમાં એમને જનરલ સેક્રેટરીની વરણી કરવાની હોવાથી સમાજ સમક્ષ પાટણના શેઠ શ્રી જગદીશભાઈ ભોજરાજમલ ઠક્કરની ઉત્તર ગુજરાત પ્રાંતના જનરલ સેક્રેટરી તરીકે વરણી કરી ઉપરાંત શેઠ શ્રી જીતેન્દ્રકુમાર જમનાદાસ ઠક્કરની ઉત્તર ગુજરાત પ્રાંતના મીડિયા પ્રભારી તરીકે વરણી કરતા સૌએ તાળીઓના ગડગડાટ થી વધાવી લીધા ત્યારબાદ શેઠ શ્રી

ભોગીલાલે અખિલ ભારતના એક વ્યક્તિ એક પદના નિયમની વાત કરી પાટણના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું અને ખાલી પડેલ પદને યોગ્ય રીતે ભરવા પ્રમુખશ્રી હરેશ કુમાર નારાયણદાસ લાલવાણીને ફરીથી પ્રમુખ પદ સોંપવાના પ્રસ્તાવ મુકતા સંપૂર્ણ હોલે એક સ્વરમાં શેઠ શ્રી હરેશકુમાર ને પ્રમુખ પદે વધાવી લીધા સમારંભમાં અખિલ ભારતીય લાડી લોહાણા નવયુવક મંડળના અધ્યક્ષ શ્રી ભાવેશભાઈ જશવંતલાલ જયરામજી અને ઉત્તર ગુજરાત જનરલ સિંધી પંચાયતના નવનિર્વાચિત ખજાનચી શ્રી દિનેશકુમાર જમનાદાસ નું પણ સાફા પાઘડી સાફા પાઘડી સાલ અને ફૂલહાર થી સન્માન કરવામાં આવ્યું

નવરાત્રિના રંગે રંગાયેલા ગરબા સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે સજ્જ ડાંગ ની ૧૮૧ અભયમ ટીમ



નવરાત્રિના પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ સુરક્ષિત વાતાવરણમાં ગરબાનો આનંદ માણી શકે અને કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં સમયસર સહાય મેળવી શકે તે હેતુથી ગુજરાત સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા વિવિધ ગરબા સ્થળોએ વિશેષ જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.આ કામગીરી અંતર્ગત આહવા ના પોલીસ પરેડ ગરાઉન્ડ ખાતે યોજાયેલા ગરબા કાર્યક્રમની ૧૮૧ અભયમની ટીમ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન મહિલાઓ, યુવતીઓ અને ખેલૈયાઓ સાથે સીધો સંવાદ સાધી મહિલા સુરક્ષા, વ્યક્તિગત સલામતી તથા મુશ્કેલીના સમયે મદદ મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૮૧ અભયમની ટીમ દ્વારા મહિલાઓ અને યુવતીઓને ગરબા દરમિયાન છેડતી, અયોગ્ય સ્પર્શ, અશોભનીય ટિપ્પણી, અપશબ્દો, પીછો કરવો, ધમકી આપવી કે અન્ય કોઈપણ પ્રકારની હેરાનગતિ જેવી પરિસ્થિતિઓથી સાવચેત રહેવા સમજાવવામાં આવે છે. આવી કોઈ ઘટના બને તો ગભરાયા વિના પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપવા, નજીકના સુરક્ષાકર્મી અથવા પોલીસની મદદ લેવા તથા જરૂરિયાત મુજબ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.નવરાત્રિ દરમિયાન ગરબાના કાર્યક્રમો મોડી રાત સુધી ચાલતા હોવાથી મહિલાઓને વિશ્વાસુ વ્યક્તિઓ સાથે આવવા-જવા, પરિવારજનોને પોતાના સ્થળ અને આવવા-જવાના સમયની જાણ કરવા, મોબાઈલ ફોન ચાર્જ રાખવા તથા શક્ય હોય ત્યાં સુધી સુરક્ષિત અને પ્રકાશિત માર્ગનો ઉપયોગ કરવા સમજાવવામાં આવે છે. કોઈ વ્યક્તિ પીછો કરતી હોય અથવા અસુરક્ષિત અનુભવ થાય તો એકાંત સ્થળે જવાને બદલે લોકોની અવરજવરવાળા સુરક્ષિત સ્થળે પહોંચીને તાત્કાલિક મદદ મેળવવા અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવે છે.૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમ મહિલાઓને હેલ્પલાઈનની સેવાઓ વિશે માહિતગાર કરે છે. ઘરેલું હિંસા, માનસિક કે શારીરિક હેરાનગતિ, છેડતી, ધમકી અથવા અન્ય મુશ્કેલ પરિસ્થિતિમાં માર્ગદર્શન અને સહાય મેળવવા માટે ૧૮૧નો સંપર્ક કરી શકાય છે તે અંગે સમજ આપવામાં આવે છે. જરૂરિયાત મુજબ મહિલાઓની પરિસ્થિતિ સાંભળી યોગ્ય માર્ગદર્શન આપવું અને પરિસ્થિતિ અનુસાર સંબંધિત તંત્રની મદદ મેળવવા માટે માર્ગદર્શન આપવું પણ હેલ્પલાઈનની કામગીરીનો મહત્વપૂર્ણ ભાગ છે.૧૮૧ અભયમની ટીમ દ્વારા મહિલાઓને ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લિકેશન અને તેની ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી આપી, જરૂરિયાતના સમયે તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.૧૮૧ અભયમની આ જાગૃતિ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ અને યુવતીઓમાં પોતાની સુરક્ષા અંગે જાગૃતિ વધારવાનો, હેલ્પલાઈનની સેવાઓ વિશે માહિતી પહોંચાડવાનો અને મુશ્કેલીના સમયે સંકોચ વિના સહાય મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. મહિલા સુરક્ષા સમગ્ર સમાજની સહિયારી જવાબદારી છે. મહિલાઓ ભયમુક્ત વાતાવરણમાં તહેવારની ઉજવણી કરી શકે અને જરૂરિયાતના સમયે યોગ્ય સહાય મેળવી શકે તે માટે ૧૮૧ અભયમની ટીમ સતત પ્રયત્નશીલ છે.મહિલાઓને ખાસ અપીલ: નવરાત્રિ દરમિયાન કે અન્ય કોઈપણ સમયે છેડતી, હેરાનગતિ, ધમકી કે અસુરક્ષાનો અનુભવ થાય તો ચૂપ ન રહો. પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપો અને સહાય માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરો. તાત્કાલિક કટોકટીમાં ૧૧૨ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરો

ચૂંટણીમાં મળેલી આ ભવ્ય સફળતા પાછળ પક્ષના એક-એક કાર્યકર્તાની અવિરત મહેનત, જનસંપર્ક અને મજબૂત સંગઠનશક્તિ રહેલી છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા નગરપાલિકા, થરા નગરપાલિકા સહિત રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં જનતાના આશીર્વાદથી ભારતીય જનતા પાર્ટીના થયેલા ભવ્ય વિજયને વધાવવા ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ભવ્ય વિજયોત્સવ યોજાયો હતો.

આ અવસરે ભાજપાના કાર્યકરો અને આગેવાનોએ ઢોલ-નગારાના નાદ, ફટાકડા ફોડી, મીઠાઈ વિતરણ કરી અને 'ભારત માતા કી જય' તથા 'વંદે માતરમ્'ના ગગનભેદી નારા અને ગરબે ઝૂમી વિજયની ખુશી વ્યક્ત કરી હતી અને સૌ વિજયી ઉમેદવારોને શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગે મીડિયાને સંબોધિત કરતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ગાંધીનગર મહાનગરપાલિકા, થરા અને ઓખા નગરપાલિકા સહિત રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જનતાએ ભારતીય જનતા પાર્ટી પર ફરી એકવાર અતૂટ વિશ્વાસ વ્યક્ત કરવા બદલ જનતા જનાર્દનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નવરાત્રિના પાવન પર્વ દરમિયાન, મા જગદંબાની આરાધનાના પ્રથમ નોરતે યોજાયેલા મતદાન બાદ આજનો જનાદેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ, ભારતીય જનતા પાર્ટીની વિકાસ, સુશાસન અને જનસેવા કેન્દ્રિત રાજનીતિ પ્રત્યે જનતાના અતૂટ વિશ્વાસનું પ્રતિબિંબ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાહેરજીવનમાં જનસેવાનાં ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે ત્યારે જનતાએ આ વિજય તેમને સમર્પિત કરીને તેમના નેતૃત્વ પ્રત્યેનો વિશ્વાસ વધુ દૃઢ કર્યો છે.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકામાં કુલ ૧૧ વોર્ડની ૪૪ બેઠકોમાંથી ભાજપાએ ૩૮ બેઠકો પર વિજય મેળવીને જનતાનો ભવ્ય જનાદેશ પ્રાપ્ત કર્યો છે. એ જ રીતે ઓખા નગરપાલિકાની કુલ ૩૬ બેઠકોમાંથી ૩૩ બેઠકો અને થરા નગરપાલિકાની કુલ ૨૪ બેઠકોમાંથી ૧૯ બેઠકો પર ભાજપાના ઉમેદવારો વિજયી બન્યા છે. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની પેટાચૂંટણીઓમાં ખેરાલુ નગરપાલિકા, બાયડ નગરપાલિકા અને છોટાઉદેપુર નગરપાલિકામાં પણ ભાજપાને સફળતા મળી છે. આ પરિણામો દર્શાવે છે કે જનતા વિકાસ, સ્થિરતા, સુશાસન અને જવાબદાર જનપ્રતિનિધિત્વને પ્રાથમિકતા આપી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજનો જનાદેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા હાથ ધરવામાં આવી રહેલા વિકાસકાર્યો અને જનકલ્યાણની નીતિઓ પ્રત્યે જનતાના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે. ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહનું ગાંધીનગરના વિકાસકાર્યો માટે સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શનમાં પણ પાટનગરને વધુ આધુનિક, સુવિધાસભર અને વિકસિત બનાવવાના પ્રયાસો સતત આગળ વધી રહ્યા છે. આ તમામ પ્રયાસો અને કાર્યકર્તાઓની મહેનતને જનતાએ પોતાના મત દ્વારા સમર્થન આપ્યું છે.શ્રી વિશ્વકર્માએ ભાજપાના કાર્યકર્તાઓની કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે ચૂંટણીમાં મળેલી આ સફળતા પાછળ પક્ષના એક-એક કાર્યકર્તાની અવિરત મહેનત, જનસંપર્ક અને સંગઠનશક્તિ રહેલી છે. તડકો-છાંયો જોયા વગર દિવસ-રાત જનતાની વચ્ચે રહીને કાર્યકર્તાઓએ પક્ષની વિચારધારા અને સરકારની જનકલ્યાણકારી કામગીરી લોકો સુધી પહોંચાડી છે. શહેરી હોય કે ગ્રામીણ વિસ્તાર, સમાજના દરેક વર્ગ સુધી પહોંચવાની ભાજપાની સર્વસ્પર્શી અને સર્વસમાવેશક કાર્યપદ્ધતિએ જનવિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.ગાંધીનગરના વિકાસ અંગે તેમણે જણાવ્યું હતું કે પાટનગરને વધુ સુવિધાસભર, સ્વચ્છ, સુંદર, હરિયાળું અને આધુનિક શહેર બનાવવાની ભાજપાની પ્રતિબદ્ધતાને જનતાએ ફરી એકવાર સમર્થન આપ્યું છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat